ફક્ત કચેરી ના ઉપયોગ માટે

सत्यमेव जयते

# વાર્ષિક યોજના

## ૨૦૧૫-૧૬

# નાની સિંચાઈ

ગુજરાત સરકાર

નર્મદા, જળસંપત્તિ, પાણી પુરવઠા અને કલ્પસર વિભાગ

સચિવાલય, ગાંધીનગર

ફેબ્રુઆરી-૨૦૧૫

## નર્મદા, જળસંપત્તિ, પાણી પુરવઠા અને કલ્પસર વિભાગ,
## ગુજરાત સરકાર

**સદર: નાની સિંચાઇ**

**1. પ્રસ્તાવના:-**

સિંચાઈ અને પીવાના પાણી માટે ભૂગર્ભજળ એ મુખ્ય સ્ત્રોત તરીકે ચાલુ રહેનાર છે. ભૂગર્ભજળના સતત ખેંચાણને કારણે ભૂગર્ભજળ નીચે જવા પામેલ છે અને પાણીની ગુણવત્તાને પણ માઠી અસર પહોંચેલ છે. રાજ્યના ૨૩૩ માંથી ૫૨ તાલુકા વધુ પડતા ખેંચાણવાળા અને ડાર્ક કેટેગરીમાં આવે છે. દરિયાકિનારાના વિસ્તારમાં ક્ષાર પ્રવેશ આગળ વધતો જાય છે. આથી ૧૨મી પંચવર્ષિય યોજનાનું મુખ્ય લક્ષ આવા વિસ્તારોમાં ભૂગર્ભજળ વધારવાનું અને જળસંચયનું છે. ભૂગર્ભજળ રીચાર્જના પધ્ધતિસર અમલ માટે ભૂગર્ભજળ રીચાર્જની પધ્ધતિનક્કી કરવા ગહન અભ્યાસની જરૂર છે.

પ્રાથમિક અભ્યાસો એ દર્શાવે છે કે એલ્યુવિયલ મેદાનો કે જ્યાં ભૂગર્ભજળ રીચાર્જનો દર ઊંચો હાય છે, ત્યાં સામાન્ય રીતે પડતા વરસાદથી રીચાર્જનું પ્રમાણ ઘણું ઊંચું હોય છે.

નાની સિંચાઇ યોજનાઓનું બાંધકામ સરળ હોય છે તેમજ જે સ્થાનો પર મોટી અને મધ્યમ જળસંપત્તિ યોજનાઓ આર્થિક કે તાંત્રિક રીતે યોગ્ય નથી હોતી, તેવી જગ્યાએ નાની સિંચાઇ યોજનાઓ અમલમાં મૂકી શકાય છે તેમજ જલ્દીથી પૂર્ણ કરી શકાય છે. ગુજરાત દરિયાઇ કિનારાવાળું રાજય છે. મોટી અને મધ્યમ સિંચાઇ યોજનાઓ પૂર્વીય અને ઉત્તરીય છેડા પર છે. જેથી નાની સિંચાઇ યોજનાઓ થકી જળ સંચય, પુનઃપ્રભરણનું મહત્વ વધી જાય છે.

**નાની સિંચાઇમાં આવરી લેવાયેલ કામો:-**

(૧) રાજય સિંચાઇ વિભાગ દ્વારા કરવામાં આવતી નાની સિંચાઇ યોજના.

(૨) ચેકડેમ, મોટા ચેકડેમ અને તળાવો ઊંડા કરવાના કામો.

(૩) પંચાયત સિંચાઇ વિભાગ દ્વારા કરવામાં આવતી નાની સિંચાઇનાં કામો.

- (અ) ઉદ્દવહન સિંચાઇ યોજનાઓ.
- (બ) નાના ચેકડેમ, અનુશ્રવણ તળાવો, હયાત યોજનાઓને સલામત તબક્કામાં લઇ જવાના કામો, ભૂગર્ભ જળ પુનઃપ્રભરણના કામો વગેરે

(૪) ગુજરાત જળસંપત્તિ વિકાસ નિગમ લિ. દ્વારા કરવામાં આવતા પાતાળકૂવાઓ અને તેને લગતા સિંચાઇનાં કામો.

**2. ઉદ્દેશો અને વ્યૂહ રચનાઓ:-**

યોગ્ય જળસંરક્ષણ, ડાયવર્જનન અને જળસંચયનાં કામો થકી વરસાદના એક એક ટીંપાનો સંગ્રહ  કરવાનો વિભાગનો મુખ્ય ઉદ્દેશ્ય છે. જેથી નદીના પાણીને દરિયા સુધી પહોંચતા અટકાવી શકાય.

**જળસંચય**: તમામ શકય ઉપલબ્ધ જળસ્ત્રોતોના વિકાસ બાદ, રાજય સરકારે જળસંચય માટે એક ઝુંબેશ ઉપાડેલ છે. જેનો મૂળ ઉદ્દેશ જે તે વિસ્તારમાં ઉપલબ્ધ જળ રાશીનો ઓછી કિંમતે અને ઓછા સમયમાં બાંધકામ પૂર્ણ કરી સંગ્રહ કરવાનો છે. આ યોજનાઓ હયાત મોટી અને મધ્યમ સિંચાઇ યોજનાઓ માટે પૂરક બનેલ છે. ચોમાસા દરમ્યાન ઘણી વખત પ્રથમ વરસાદ બાદ પછળથી વરસાદ ખેંચાય છે. આવા સંજોગોમાં જળસંચય હેઠળ સંગ્રહ કરેલ પાણી ખરીફ પાકને બચાવે છે. સાથે સાથે, તે ભૂગર્ભ જળરીચાર્જની કામગીરી પણ કરે છે. નાના અને મોટા ચેકડેમો, બોરીબંધ, ખેત તલાવડી, હયાત તળાવોને ઉંડા કરવાની કામગીરી, સીમ તલાવડી વિગેરે પ્રકારના કામો જળસંચય માટે હાથ ધરવામાં આવે છે. તદ્દઉપરાંત વન વિસ્તાર અને આદિજાતિ વિસ્તારોમાં વન તળાવ અને ટેરેસ તળાવને બનાવવામાં આવે છે.

**સૂક્ષ્મ સિંચાઈ**: સિંચાઈ માટે પાણીના વપરાશને નિયંત્રિત કરવા સરકારે સૂક્ષ્મ સિંચાઈ ટેકનોલોજીનો વ્યાપ્ વધારવાનું મહત્વનું પગલુંભરેલ છે. સૂક્ષ્મ સિંચાઈનો વ્યાપ્ વધારવા માટે ગુજરાત ગ્રીન રીવોલ્યુશન કંપની (જી.જી.આર.સી.) ની સ્થાપના વર્ષ ૨૦૦૫માં કરવામાં આવેલ છે. આ કંપની નાણાકીય સગવડ પૂરી પાડવાની સાથે સાથે નીચેનાં મહત્વનાં કાર્યો પણ કરે છે.

- સૂક્ષ્મ સિંચાઈ માટે ખેડૂતોને પ્રોત્સાહિત કરી માર્ગદર્શન પૂરૂં પાડે છે.
- ખેડૂતોને પાકના પ્રકાર અને તેને અનુરુપ સૂક્ષ્મ સિંચાઇ ઉપકરણો અંગે સમજણ પૂરી પાડે છે.
- સૂક્ષ્મ સિંચાઇ સીસ્ટમની અંદાજીત રકમમાંથી નિયમોનુસાર રકમની નાણાકીય સહાય સ્વરુપે આપે છે.
- સૂક્ષ્મ સિંચાઇ વ્યવસ્થા માટે ખૂટતી રકમ બેંકમાંથી લોન સ્વરુપે મેળવવા ખેડૂતોને મદદરુપ થાય છે.
- સૂક્ષ્મ સિંચાઇ ઉપકરણો ને લગાવવાની કામગીરી દરમ્યાન થર્ડ પાર્ટી ઇન્પેકશન મારફતે ચકાસણીની કાર્યવાહી કરે છે.

સૂક્ષ્મ સિંચાઇ ઉપકરણો યોગ્ય રીતે ચાલે તે માટે મરામતની કામગીરી જે તે કંપની કરે તે અંગે દેખરેખ રાખે છે.

**સહભાગી સિંચાઇ વ્યવસ્થાપન**: સિંચાઇ સુવિધાઓ ઉપલબ્ધ કરાવવાની સાથે સાથે સિંચાઇના પાણીનું વિતરણ સારી રીતે અને જરૂરિયાત મુજબની માત્રામાં કમાન્ડ વિસ્તારના તમામ ખેડૂતોને મળી રહે તે માટે સહભાગી સિંચાઇ વ્યવસ્થાપન અત્યંત જરૂરી છે. આ વ્યવસ્થા હેઠળ સિંચાઇ પાણીના વપરાશ માટે મંડળીઓ બનાવી તેઓને કેનાલ તથા ફીલ્ડ ચેનાલનું સંચાલન સોંપવામાં આવે છે. જેથી કેનાલના છેવાડાના ખેડૂતોને પણ તેના હકક હિસ્સા મુજબ પૂરતી માત્રામાં પાણી મળી રહે. આ માટે હયાત નહેરોના સમારકામ આ મંડળીઓની ભાગીદારીથી

હાથ ધરવાના કામને અગ્રીમતા આપવામાં આવે છે. ગુજરાત સરકારે લાભિત ખેડૂતોને સિંચાઇ વ્યવસ્થામાં સાંકળવા માટે સહભાગી સિંચાઇ વ્યવસ્થાપન એકટ-૨૦૦૭ નો અમલ કરેલ છે. આ એકટની એક અગત્યની જોગવાઇ મુજબ કોઇપણ સિંચાઇ પ્રોજેકટના કમાન્ડ વિસ્તારના લાભિત ખેડૂતો પાણી વપરાશકાર મંડળની રચના કરી શકે છે. આ પાણી વપરાશકાર મંડળને હયાત કેનાલ નું વ્યવસ્થાપન સોંપતાં પહેલાં કેનાલની રીપેરીંગની જરૂરિયાત મુજબની કામગીરી સરકાર દ્વારા પૂર્ણ કરવામાં આવે છે. જેનો ૯૦ ટકા ખર્ચ સરકાર દ્વારા ભોગવવામાં આવે છે. જયારે ૧૦ ટકા ખર્ચ મંડળે ભોગવવાનો થાય છે. જો મંડળ તૈયાર થાય તો આ રીપેરીંગની કામગીરી મંડળને સોંપવામાં આવે છે. વધુમાં, જો મંડળ રીપેરીંગની કામગીરી અગાઉ કેનાલનું સંચાલન કરવા તૈયાર થાય તો પણ કેનાલનું સંચાલન તેમને સોંપવામાં આવે છે. કેનાલ રીપેરીંગ માટે મંડળીને અંદાજીત રકમની ૧/૩ રકમ કામ શરુ કરવા માટે કામ શરુ કરતાં અગાઉ આપવામાં આવે છે.

**હયાત નહેરોની સુધારણા અને આધુનિકરણ:** સિંચાઈ યોજનાઓની નહેરોનું બાંધકામ વર્ષો અગાઉ કરેલ હોવનથી આ નહેરોનું સંચાલન કરવા માટે તેનું સંપૂર્ણ આધુનિકરણ અને સુધારણા કરવી આવશ્યક છે. કારણ કે નહેરના છેવાડાના ખેડૂતને પણ પૂરતા પ્રમાણમાં પાણી મળી રહે તે આવશ્યક છે. રાજ્યમાં મોટા ભાગની નહેરો લાઈનીંગ વગરની છે. જેના કારણે આ કેનાલોમાં સમયાંતરે કાંપ દૂર કરવાની કામગીરી કરવી પડે છે. તદ્ઉપરાંત ઘણી જગ્યાએ કેનાલના રીસેકશનીંગ તથા રીગ્રીડીંગની કામગીરી પાણીના પૂરતા પ્રવાહના વહન માટે જરૂરી બનેલ છે.

જુની કેનાલોના નેટવર્કની સુધારણા અને આધુનીકરણની અગત્યતાને લક્ષમાં લઇ, રાજય સરકારે આ મહત્વની કામગીરીને **સ્વર્ણિમ સોપાન** તરીકે લીધેલ છે જેનો મૂળ ઉદ્દેશ સિંચાઇ સુવિધાનો વ્યાપ વધારવા અને દરેક પ્રોજેકટની ઉત્પન્ન થયેલ સિંચાઇ સુવિધા અને તેની સામે ખરેખર ઉપલબ્ધ થયેલ સિંચાઇ વચ્ચેના તફાવતને ઘટાડવાના છે. જેના માટે સરકારે તમામ બાબતો આવરી લેતી એક માર્ગદર્શિકા તૈયાર કરેલ છે. જેમાં દરેક **પ્રોજેકટસના પરફોર્મન્સ, બેન્ચ માર્કીંગ અને પાણીના વપરાશની બાબતને** મુખ્યત્વરે આવરી લીધેલ છે. આ ચકાસણીના કારણે રાજય સરકારે સુધારણાના કરેલ કામોની અસર માપી શકાશે અને જરુર પડે સુધારાત્મક પગલાં લઇ શકાશે.

**ઉદવહન સિંચાઈ યોજના:** આદિજાતિ ક્ષેત્ર મુખ્યત્વે પહાડી વિસ્તાર અને વધારે ઉબડખાબડ હોવાના લીધે ત્યાં ઉદ્વહન સિંચાઇ યોજનાઓને પ્રાધાન્ય આપવામાં આવેલ છે.

## 3. લક્ષ્યાંકો અને ધ્યેયો:-

**નાણાકીય:**

- નાણાકીય વર્ષ ૨૦૧૫-૧૬ માં નાની સિંચાઇ યોજનામાં **રૂ. ૮૬૮૭૬.૯૯ લાખની** જોગવાઇ કરવામાં આવેલ છે.

**ભૌતિકઃ- ૨૦૦૦૦ હેક્ટર સીધી અને પરોક્ષ સિંચાઇ શક્તિ નો લક્ષ્યાંક.**

- પ્રગત્તિ હેઠળની ૨૭ નાની સિંચાઇ યોજનાઓ દ્વારા ૩,૫૦૦ હેકટર સિંચાઇશક્તિ ઉત્પન્ન કરવી.
- સરદાર પટેલ સહભાગી જળસંચય યોજના હેઠળ ૧૦૦૦ નાના ચેકડેમોનું નિર્માણ, જેથી ૩૦૦૦ હેક્ટરમાં પરોક્ષ સિંચાઈ સુવિધાનો લાભ.
- ૨૦૦ મોટા ચેકડેમ બનાવવાનું લક્ષ્ય અને ૫૫૦૦ હેક્ટર પરોક્ષ સિંચાઈ સુવિધાનો લાભ.
- ૮૦૦ તળાવોને ઊંડા કરવાના કામ અને ૩૦૦૦ હેક્ટર પરોક્ષ સિંચાઈ સુવિધાનો લાભ.
- ૧૦૦ નાની ઉદવહન સિંચાઇ યોજના દ્વારા આદિવાસી વિસ્તારમાં ૫૦૦૦ હેક્ટર પરોક્ષ સિંચાઈ સુવિધાનો લાભ.

## 4. નાની સિંચાઇ યોજનાઓના મુખ્ય કાર્યક્રમોઃ-

### 4.1. સરદાર પટેલ સહભાગી જળ સંચય યોજના (ચેકડેમ)

જળસંચય માટે ચેકડેમ એક ખૂબજ પ્રભાવી હથિયાર છે. જે ઓછા ખર્ચે અને ઓછી રખ રખાવ કિંમતે થાય છે. ચેકડેમ દ્વારા પાણીનું પુનઃપ્રભરણ થાય છે, જેથી જળાશયમાંથી અથવા તો કૂવા પરથી ઉદ્દવહન સિંચાઇ યોજના શકય બને છે.

ખેડૂતો સાથે ચર્ચા કર્યા પછી વર્ષ ૨૦૦૦ માં રાજય સરકારે સરદાર પટેલ સહભાગી જળસંચય યોજના જાહેર કરી. શરૂઆતમાં આ યોજના ૬૦:૪૦ (સરકારઃખેડૂત) ના પ્રમાણમાં લાગુ કરી હતી. આદિજાતિ ક્ષેત્રમાં આ યોજના ૮૦:૨૦ (સરકારઃખેડૂત) ના પ્રમાણમાં અમલમાં મૂકી. ખેડૂતો દ્વારા ખૂબ જ સારો પ્રતિભાવ મળતાં સરદાર પટેલ સહભાગી જળસંચય યોજનાના ચતુર્થ ચરણમાં તા.૧-૪-૨૦૦૫ થી સમગ્ર રાજ્યમાં ૮૦:૨૦ (સરકારઃખેડૂત) ના પ્રમાણમાં અમલમાં મૂકવામાં આવી હતી. આ યોજના હેઠળ માર્ચ-૧૪ અંતિત ૭૭૫૫૬ ચેકડેમો બનાવવામાં આવ્યા છે ઉપરાંત અન્ય જુદી જુદી યોજનાઓ દ્વારા બનાવેલા ૯૭૧૩ ચેકડેમ સહિત કુલ ૮૭૨૬૯ નાના ચેકડેમ જળસંપત્તિ વિભાગ દ્વારા પૂર્ણ કરાયા છે.

**યોજનાના લાભોઃ-**

- ખરીફ સીઝનમાં ખાતરીબંધ સિંચાઈ / રવી સીઝનમાં પણ સિંચાઇ સંભવ છે.
- વધારાના વરસાદના પાણીનો ભૂગર્ભ જળસંચય.
- ભૂતળ જળસંચયના પુનઃપ્રભરણથી કૂવા અને પાતાળકૂવાઓના પાણીના સ્તરમાં વધારો. ઓવર એકસપ્લોઈટેડ વિસ્તારમાં ઉર્જાનો બચાવ.
- હયાત ભૂગર્ભજળ બાંધકામોની કાયમી જાળવણી.
- પાણીની ઉપલબ્ધતાથી વાવણીની પધ્ધતિમાં ફેરબદલ.
- માટીમાં ભેજ અને લીલોત્રીમાં વધારો.
- પરોક્ષ લાભ જેવા કે માટીનું ધોવાણ અટકાવવું. ખેડૂતોની સામાજિક આર્થિક સ્થિતિમાં સુધારો.

ચેકડેમો માટે વર્ષ ૨૦૧૫-૧૬માં રૂ. ૫૮૧૬.૨૮ લાખની જોગવાઈ કરવામાં આવેલ છે. જ્યારે નાના ચેકડેમોના પુનઃવ્યવસ્થાપન માટે રૂ. ૯૯૯.૯૧ લાખની જોગવાઇ છે.

### 4.2. મોટા ચેકડેમ

લોકભાગીદારીથી ચેકડેમો બનાવવા ઉપરાંત રાજય સરકારે રૂ. ૭૦૦ કરોડના અંદાજીત ખર્ચે ૧૦૦૦ મોટા ચેકડેમો બનાવવાનો માસ્ટર પ્લાન બનાવેલ છે. ઘણાં કિસ્સાઓમાં એક જ વહેણ પર ચેકડેમની શ્રેણી તરીકે ૫ થી ૭ કિ.મી. ના અંતરે બાંધવામાં આવે છે. માર્ચ-૨૦૧૪ સુધીમાં ૩૪૩૦ ચેકડેમોના કામો પૂર્ણ થયેલ છે. આ કામો માટે વર્ષ ૨૦૧૫-૧૬માં રૂ. **૧૨૧૬૦.૨૪ લાખ**નું આયોજન સૂચવેલ છે. વધારામાં રૂ. **૫૨૫૦.૦૦ લાખ** નું આયોજન કલ્પસર યોજના હેઠળ નર્મદા નદીમાં ભાડભૂત બેરેજ બનાવવા માટે વર્ષ ૨૦૧૫-૧૬માં કરેલ છે.

### 4.3. તળાવ ઊંડા કરવાની કામગીરીઃ-

ઉત્તર ગુજરાતમાં જયાં ચેકડેમોની કામગીરી શકય નથી ત્યાં જળસંગ્રહ અને ભૂગર્ભજળ રીચાર્જ માટે મોટે પાયે તળાવો ઊંડા કરવાની કામગીરી લોકભાગીદારીથી હાથ પર ધરવામાં આવેલી છે. નાણાકીય રીતે આ યોજના ૯૦:૧૦ (સરકારઃખેડૂત) ના પ્રમાણમાં મુકવામાં આવેલ છે. ૯૯૫૭ થી વધુ તળાવો આજ દિન સુધી ઊંડા કરેલ છે. વર્ષ ૨૦૧૪-૧૫ માં **રૂ.૪૮૭૫.૦૦ લાખ**ની જોગવાઇ કરવામાં આવી છે.

### 4.4. ઉદ્‍વહન સિંચાઇ યોજનાઃ-

રાજયના ૧૫% થી વધારે ક્ષેત્ર આદિજાતિ વિસ્તાર હેઠળ આવે છે. મોટા ભાગોના આદિવાસી ગરીબી રેખાના નીચે છે અને કૃષિ પર નિર્ભર છે. આદિવાસી વિસ્તાર ખૂબજ પહાડી વિસ્તારવાળા અને ઉબડખાબડ વિસ્તાર છે અને ત્યાં જળસંચય અસરકારક રહે તેમ ન હોઈ આ વિસ્તારોમાં ઉદ્‍વહન સિંચાઇ યોજના અપનાવવામાં આવી છે. ૨૯૦૦૦ હેકટર વિસ્તારને સિંચાઈની સુવિધા માટે ૬૨૪ ઉદવહન સિંચાઈ યોજનાઓનાં કામો હાથ પર લેવામાં આવ્યાં છે. વર્ષ ૨૦૧૫-૧૬ માં રૂ. **૪૭૧૮.૫૭ લાખ**ની જોગવાઈ સૂચવવામાં આવી છે.

### 4.4A અનુસુચિત જાતિ વિકાસ યોજના

રાજ્યમાં અંદાજે ૭ % થી વધારે વસ્તી અનુસુચિત જાતીના લોકો છે જે મુખ્યત્વે ગરીબીરેખા નીચે છે અને ખેત પેદાશ પર આધારિત છે. આ લોકોને સીધો ફાયદોમળે તે માટે રાજ્ય સરકારે જ્યાં ૨૫૦ થી વધુ વસ્તી આવેલી છે તે ગામો માં ચેકડેમ, તળાવ ઉંડા ઉતારવા, જળસંચય ના સ્ટ્રકચર ને મરામત અને આધુનિકરણ અને નદી/તળાવ/નહેર આધારિત ઉદવહન સિંચાઇ યોજના, લાભાર્થીને ટ્યુબવેલ સાથે પમ્પીંગ મશીનરી પુરી પાડવી જેવા કામો માટે વર્ષ ૨૦૧૫-૧૬ માં રૂ. **૪૫૬૭.૫૨** લાખ ની જોગવાઇ સુચવેલ છે.

## 4.4 વડોદરા, પંચમહાલ અને દાહોદ જિલ્લાના જળાશયોને પાઇપલાઇનથી ભરવા.

સરદાર સરોવરના પુરના વધારાના પાણીને ક્વાંટ તાલુકાના હાફેશ્વર ગામ પાસેથી તથા નર્મદા મુખ્યનહેરમાંથી પાણી ઉદવહન કરી એમ.એસ. પાઇપલાઇન મારફતવડોદરાઅ, પંચમહાલ અને દાહોદ જિલ્લાના જળાશયો, ચેકડેમ અને તળાવો ભરવાની રૂ. ૨૫૦૦ કરોડની યોજના સરકારે હાથ ધરેલ છે. આ યોજના થકી વડોદરા જિલ્લાના રામી ડેમ, સુખીડેમ, રાજવાસણા વિયર, જોજવા વિયર, દેવ ડેમ, પંચમહાલ જિલ્લાના પાનમ અને હડફ ડેમ, દાહોદ જિલ્લાના એદલવાડા, વાક્લેશ્વર, પાટાડૂંગરી ડેમ, માછ્નાળા ડેમ અને કાલી-૨ ડેમ પાઇપલાઇનથી ભરવાનું આયોજન છે. વર્ષ ૨૦૧૫-૧૬ માં રૂ. ૩૧૦૦.૦૦ લાખની જોગવાઇ કરેલ છે.

## 4.5. આદિજાતિ વિસ્તારમાં ૨૨૬ પ્રાયોગિક ટ્યુબ વેલ બનાવવા માટે.

ભૌગોલિક રીતે ડુંગરાળ વિસ્તારમાં અને નાના મોટા સમુદાયોમાં વસેલા આદિજાતિ વિસ્તારના લોકો માટે સિંચાઇનો મુખ્ય સ્ત્રોત ભુગર્ભ જળ છે. જ્યાં બીજી સિંચાઇ સુવિધા ઉપલબ્ધ નથી તેવા આ ડુંગરાળ વિસ્તારમાં સિંચાઇ સુવિધા પુરી પાડવા પ્રાયોગિક ધોરણે ૨૨૬ ટ્યુબવેલ બનાવવાની યોજના હાથ ધરેલ છે. આ પૈકી ૧૫૦ ટ્યુબવેલના કામો પૂર્ણ થયેલ છે. વર્ષ ૨૦૧૫-૧૬ માં આ યોજના માટે રૂ. ૫૦.૦૦ લાખની જોગવાઇ સુચવેલ છે.

## 4.6. જળસ્ત્રોતોનું મરામત, નવીનીકરણ અને પુનઃ વ્યવસ્થાપનઃ-

જે જળસ્ત્રોતો સીધા કૃષિથી સંકળાયેલા છે તેની સિંચાઈ સવલતો વિસ્તારવા અને જળસંગ્રહ ક્ષમતા વધારવા માટે કેન્દ્ર સરકારે આ જળસ્તોત્રોની મરામત, નવીનીકરણ અને પુનઃવ્યવસ્થાપનની યોજના શરૂ કરી છે. નાની સિંચાઈ યોજનાઓના પુનઃસ્થાપન માટે રાજ્ય સરકારે રૂ. ૧૪૭૫ લાખ ની અંદાજીત ખર્ચવાળાં ૩૪ કામો તારવ્યાં છે. ભારત સરકાર દ્વારા યોજના મંજૂર કરવામાં આવેલ છે. આ પૈકી ૨૬ કામો પૂર્ણ, ૬ કામો પ્રગતિ હેઠળ અને ૨ કામો ડ્રૃપ થેયેલ છે. વર્ષ ૨૦૧૫-૧૬માં આ માટે **રૂ. ૨૦૭૯.૦૦ લાખની** જોગવાઇ સૂચવવામાં આવી છે.

## 4.7. સહભાગી સિંચાઇ વ્યવસ્થાઃ-

સિંચાઇ યોજનાઓના આયોજન અને વ્યવસ્થાપન માટે, લાભાર્થીઓ અને ખાતેદારોને સામેલ કરવામાં આવેલ છે. નાની સિંચાઇ યોજનાઓમાં પાણીની વહેંચણી માટે સહભાગી સિંચાઇ વ્યવસ્થાને ખાસ મહત્વ આપવામાં આવેલ છે. ગુજરાત રાજય સરકારે રાજયના મહત્તમ પિયત વિસ્તારને સહભાગી સિંચાઇ વ્યવસ્થા હેઠળ આવરી લેવાનો નિર્ણય કરેલ છે. સિંચાઇ યોજનાઓના પિયત વિસ્તાર પાણીની ઉપભોકતા મંડળીઓને સરળતાથી તબદીલ

કરવા રાજય સરકારે નીતિ અને પ્રક્રિયા સંબંધિત કેટલાક નિર્ણય લીધેલ છે. ખેડૂતોના સંગઠન દ્વારા સિંચાઇ વ્યવસ્થાપન માટે લેવામાં આવેલ ઘણાં કાર્યો ઓછી કિંમતે અને અસરકારક રીતે કરવામાં આવે છે. ઉપભોકતા મંડળીઓ દ્વારા વહન પધ્ધતિનું મરામત અને રીપેરીંગ ઝડપી થાય છે. જેથી પાણીના અસરકારક ઉપયોગથી ત્વરિત પરિણામ મળે છે. નાની સિંચાઇ યોજનાઓની સહભાગી સિંચાઈ વ્યવસ્થા માટે વાર્ષિક યોજના ૨૦૧૫-૧૬ માં રૂ. **૨૪૫.૦૦ લાખની** જોગવાઇ સૂચવવામાં આવેલ છે.

**4.8. વિસ્તરણ, નવીનીકરણ અને આધુનિકીકરણઃ-**

અસ્કયામતોનું જાળવણી પણ મહત્વની બાબત છે. જેથી ઉત્પન્ન થયેલ સિંચાઇ ક્ષમતા અને ઉપયોગ લેવાયેલ સિંચાઇ વચ્ચેનો ગાળો ઘટાડી શકાય. વિસ્તરણ, નવીનીકરણ અને આધુનિકીકરણ મહત્તમ સિંચાઇ ક્ષમતાના ઉપયોગ માટે પણ જરૂરી છે. વિસ્તરણ, નવીનીકરણ અને આધુનિકીકરણથી છેવાડાના ખેડૂતો તરફથી ફરિયાદો ઓછી થશે. વર્ષ ૨૦૧૫-૧૬ માટે રૂ. **૬૬૧.૬૮ લાખની** જોગવાઇ સૂચવવામાં આવેલ છે.

**4.9. ટપક સિંચાઈ:**

ઉત્તર ગુજરાતના નિગમ સંચાલિત ૨૧ પાતાળકૂવાઓ તેમજ મંડળી / જૂથ સંચાલિત ૧૦૯૨ પાતાળકૂવાઓ ઉપર હાલમાં પીન્સની કામગીરી કરવાની મંજૂરી મળેલ છે.

આ કામગીરીમાં પાતાળકૂવાથી ખેડૂતોના ખેતર સુધીની મુખ્ય લાઈન એટલે કે પીન્સનું બાંધકામ સરકારશ્રીના ખર્ચ કરવાનું થાય છે. જેથી પાતાળકૂવાના પિયત વિસ્તારમાં ખેડૂતો પોતાના ખેતરમાં સૂક્ષ્મ પિયત પદ્ધતિ અપનાવી શકે. પીન્સના બાંધકામથી સૂક્ષ્મ પિયત પદ્ધતિ અપનાવવાની પ્રક્રિયા નિગમ હસ્તકના પાતાળકૂવાઓ ઉપર વેગવંતી બનશે તથા તેના દ્વારા કિમતી ભૂગર્ભજળનો બચાવ થશે. તથા ઉત્પાદન પણ વધશે. આ કામગીરી અંતર્ગત ૪૬૨ પાતળ કુવા દ્વારા ૨૯૧૮ હેક્ટર વિસ્તાર સિંચાઇ હેઠળ આવરી લેવાયેલ છે. અને વર્ષ ૨૦૧૫-૧૬માં ૨૧૦ પાતળ કુવા દ્વારા ૩૫૫૩ હેક્ટર વિસ્તાર સિંચાઇ હેઠળ આવરી લેવાનું આયોજન છે. વર્ષ ૨૦૧૫-૧૬માં આ માટે રૂ. **૩૦૦૦.૦૦ લાખની** જોગવાઈ સૂચિત કરેલ છે.

**4.10. અન્ય નાની સિંચાઈ યોજનાઓ અને સંલગ્ન કામો:**

૦ થી ૫૦૦ હેકટર અને ૫૦૦ હેકટર થી ૨૦૦૦ હેકટર સુધીની નાની સિંચાઈ યોજનાઓ, પંચાયત હસ્તકની નાની સિંચાઈ યોજનાઓ, કેન્દ્ર સરકાર સહાયિત પાંચમી સિંચાઇ ગણત્રી કામો, અનુસૂચિત જાતિ પેટા યોજના અંતર્ગતનાં જળસંચયનાં કામો, નર્મદા મુખ્ય નહેરથી જુદા જુદા જળાશયો સુધીની પૂરી થયેલ પાઈપલાઈનોની મરામત અને જાળવણી, ન્યુ ગુજરાત પેટર્ન અન્વયે આદિજાતિ વિસ્તાર પેટા યોજના માટેની અંકિત જોગવાઈ, નિર્દેશન અને વહીવટ વગેરે માટે વર્ષ ૨૦૧૫-૧૬માં રૂ. **૪૩૯૨૧.૩૧ લાખની** જોગવાઈ સૂચવવામાં આવી છે.

**4.11. સાગરખેડૂ સર્વાંગી વિકાસ યોજના:**

દરિયાકાંઠાના વિકાસ માટે ૧૩ જીલ્લાઓના ૩૮ તાલુકાઓ માટે ગુજરાત સરકારે સાગરખેડુ સર્વાંગી વિકાસ યોજના જાહેર કરી છે. દરિયા કિનારાના વિસ્તારની ખાસ સમસ્યાઓ જેવી કે ક્ષાર પ્રવેશ, ઘટતી જતી જમીનની ફળદ્રુપતા, ઘટતી જતી પાણીની ગુણવત્તા વગેરેના નિરાકરણ માટે જળસંપત્તિ પ્રભાગે બંધારા, ભરતી નિયંત્રક, પુન:પ્રભરણ તળાવો, વિસ્તરતી જતી નહેર, દરિયાઈ ધોવાણ પ્રતિરોધક કામો અને સિંચાઈ યોજનાઓ અમલમાં મૂકવાનું આયોજન કર્યું છે. વર્ષ ૨૦૧૫-૧૬માં આ કામો માટે રૂ. ૫૨૭૭.૬૬લાખની જોગવાઈ સૂચવવામાં આવી છે.

**4.12. કેન્દ્રિય પુરસ્કૃત યોજનાઓ.**

કેન્દ્રીય સહાયિત પાંચમી સિંચાઇ ગણત્રી માટે વર્ષ ૨૦૧૫-૧૬ માં રૂ. ૫૦.૦૦ લાખની તેમજ ૧૩માં નાણાપંચહેઠળના ચાલુ કામો માટે રૂ. ૫૦૦૦.૦૦ લાખની જોગવાઇ સુચવેલ છે

**4.13. ૪૮ વિકાસશીલ તાલુકાઓના કાર્યક્રમ**

જળસંપત્તિ અને કલ્પસર વિભાગે આ તાલુકાઓના વિકાસ માટે નાની સિંચાઈના કામો જેવાં કે ઉદવહન સિંચાઈ યોજના, આડ બંધો, નાની સિંચાઈના તળાવો, તળાવોની મરામત, રીચાર્જ તળાવો, કોમ્યુનીટી કૂવાઓ, સલામત તબક્કાના કામો, ચેકવોલ, પૂર સંરક્ષણનાં કામો, તળાવો ઉંડા કરવાના કામો, નાની સિંચાઈ યોજનાઓના કાંપ દૂર કરવાના કામો, બોરવેલના કામો વગેરે કામોનું આયોજન કરેલ છે. ઉપર મુજબના કામોથી આ તાલુકાઓનો એકદંર વિકાસ થશે, જેથી આ તાલુકાઓ વિકસીત તાલુકાઓની સાથે આવી જશે. આ માટે વર્ષ ૨૦૧૫-૧૬માં રૂ. ૭૨૫૯.૦૦ લાખની જોગવાઈ સૂચવવામાં આવી છે.

**5. નાબાર્ડ લોન (આર.આઈ.ડી.એફ.)**

રાષ્ટ્રીય કૃષિ અને ગ્રામીણ વિકાસ બેંકે (નાબાર્ડ) મધ્યમ અને નાની સિંચાઈ યોજનાઓને ઝડપી પૂર્ણ કરવા માટે ગ્રામીણ માળખાકીય વિકાસ ભંડોળ ઉભું કરેલ છે. ગુજરાતને પણ તેના વિવિધ જળસંપત્તિ યોજનાઓ માટે નાબાર્ડની સહાય મળે છે. વર્ષ ૨૦૧૫-૧૬માં નાબાર્ડ સહાયિત યોજનાઓ માટે રૂ. ૪૩૭૬.૪૧ લાખની જોગવાઈ સૂચવવામાં આવી છે.

**6. આદિજાતિ વિસ્તાર પેટા આયોજન:-**

નાની સિંચાઇ યોજના પેટે વર્ષ ૨૦૧૫-૧૬ માટે રૂ. ૮૬૮૭૬.૯૯ લાખની જોગવાઇ છે, જે પૈકી રૂ. ૨૮૩૧૭.૦૯ લાખ આદિજાતિ વિસ્તાર યોજના માટે મૂકવામાં આવેલ છે. જે નાની સિંચાઇ યોજના આયોજનના ૩૨.૬૦ % થાય છે.

7. **ખાસ અંગભૂત યોજના (એસ. સી. એસ. પી.)**

વર્ષ ૨૦૧૫-૧૬માટે નાની સિંચાઈ માટેની કૂલ જોગવાઈ **રૂ. ૮૬૮૭૬.૯૯ લાખ** સૂચવવામાંઆવી છે, જે પૈકી **રૂ. ૪૫૬૭.૫૨ લાખની** જોગવાઈ ખાસ અંગભૂત યોજના (એસ.સી.એસ.પી.) માટે સૂચવવામાં આવેલ છે.

8. **રોજગારી નિર્માણઃ-**

વાર્ષિક યોજના ૨૦૧૫-૧૬માં નાની સિંચાઇ યોજના માટે રોજગાર નિર્માણનો ઘટક અંદાજે **રૂ. ૨૧૨૯૯.૩૮ લાખ** (નાની સિંચાઇ યોજનાઓનાં કામો માટે સૂચવેલ જોગવાઇના ૩૦ ટકા) માનવ દિન દીઠ રૂ. ૨૬૮/- ના સરેરાશ દરને ધ્યાને લેતાં આશરે ૮૦ લાખ માનવ દિન રોજગારી ઉત્પન્ન થવાનો અંદાજ છે.

9. **ઉપસંહારઃ**

જ્યાં મોટી અને મધ્યમ સિંચાઈ યોજનાઓ તાંત્રિક રીતે શક્ય નથી ત્યાં નાની સિંચાઈ યોજનાઓ અને જળસંરક્ષણ કામો દ્વારા સ્થાનિક વરસાદી પાણીનું જળસંરક્ષણ અને ભૂગર્ભજળનું પુન:પ્રભરણ કરવાનું મહત્વ વધી જાય છે. નાની સિંચાઈનાં કામો સરળ, ઝડપી અમલીકરણ થઈ શકે તેવાં અને સરળ રીતે સ્વીકાર્ય છે. વર્ષ ૨૦૧૫-૧૬માટે નાની સિંચાઈ માટે રૂ ૮૬૮૭૬.૯૯ લાખની જોગવાઈ સૂચવેલ છે.

## જી. એન. પત્રક - એ

## વાર્ષિક યોજના ૨૦૧૫-૧૬ મુખ્ય સદર/પેટા સદરવાર જોગવાઇ

**(રૂ. લાખમાં)**

| અ.નં | વિકાસનું મુખ્ય સદર/પેટા સદર | વાર્ષિક યોજના ૨૦૧૩-૧૪ ખરેખર ખર્ચ | વાર્ષિક યોજના ૨૦૧૪-૧૫ | | વાર્ષિક યોજના ૨૦૧૫-૧૬ સૂચિત જોગવાઇ | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | | | મંજુર જોગવાઇ | સંભવિત ખર્ચ | અંદાજપત્રિય જોગવાઇ | આઈબીઆર: રાજ્ય પીએસઇ (અંદાજપત્ર મદદ સિવાય) | આઈબીઆર: સ્થાનિક સંસ્થાઓ (અંદાજપત્રિય મદદ સિવાય) | | | કુલ સુચિત જોગવાઇ (૫+૬+૯) |
| | | | | | | | શહેર સ્થાનિક સંસ્થા | ગ્રામ્ય સ્થાનિક સંસ્થા | કુલ | |
| ૦ | ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ | ૮ | ૯ | ૧૦ |
| | (i) નાની સિંચાઇ યોજનાઓ | **૯૧૨૨૮.૯૪** | **૭૪૨૬૩.૩૮** | **૭૩૬૧૬.૧૪** | **૭૪૩૧૦.૯૯** | **0.00** | **0.00** | **0.00** | **0.00** | **૭૪૩૧૦.૯૯** |
| | (ii) નાની સિંચાઇ યોજનાઓ **(કલ્પસરા યોજનાના કામો)** | **0.00** | **૫૨૫૦.00** | **૧૨૫૦.00** | **૫૨૫૦.00** | **0.00** | **0.00** | **0.00** | **0.00** | **૫૨૫૦.00** |
| | (iii) ન્યુ ગુજરાત પેટર્ન અન્વયે આદિજાતિ પેટા યોજનાની અંકિત જોગવાઇ | **૬૪૬૮.૧૧** | **૭૧૦૨.૫૦** | **૭૧૦૨.૫૦** | **૭૩૧૬.00** | **0.00** | **0.00** | **0.00** | **0.00** | **૭૩૧૬.00** |
| | **કુલ** | ૯૭૬૯૭.૦૫ | ૮૬૬૧૫.૮૮ | ૮૧૯૬૮.૬૪ | ૮૬૮૭૬.૯૯ | 0.00 | 0.00 | 0.00 | 0.00 | ૮૬૮૭૬.૯૯ |

**એનેક્ષર-૧**

**વાર્ષિક યોજના - ૨૦૧૫-૧૬**

(રૂ. લાખમાં)

| અ. નં | યોજનાનો નંબર (૬ અંકમાં) | વિકાસનું મુખ્ય સદર/પેટા સદર (યોજનાવાર) | અમલ કરનાર સંસ્થા સરકાર/ જાહેર સાહસો/ સ્થાનિક સંસ્થાઓ | વાર્ષિક યોજના ૨૦૧૩-૧૪ ખરેખર ખર્ચ | વાર્ષિક યોજના ૨૦૧૪-૧૫ | | વાર્ષિક યોજના ૨૦૧૫-૧૬ સુચિત જોગવાઇ | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| | | | | | મંજુર જોગવાઇ | સંભવિત ખર્ચ | કૂલ | ચાલુ બાબતો | નવી બાબતો |
| ૦ | ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ | ૮ | ૯ |
| | | **નાની સિંચાઇ** | | | | | | | |
| ૨૦ | ૧૧૨૪૨૬ | નાની સિંચાઇ યોજનાઓ **(નોરમલ)** | રાજ્ય સરકાર | ૧૧૦૨૯.૨૮ | ૧૨૮૦૫.૫૫ | ૧૧૩૮૭.૦૮ | ૧૪૬૯૮.૧૦ | ૧૧૬૯૬.૨૧ | ૩૦૦૧.૮૯ |
| ૨૧ | ૧૨૨૫૯૬ | નાની સિંચાઇ યોજનાઓ **(ટ્રાયબલ)** | રાજ્ય સરકાર | ૨૮૨૫.૧૯ | ૨૮૨૪.૮૦ | ૩૦૩૪.૧૯ | ૩૨૫૨.૯૩ | ૨૯૨૬.૧૯ | ૩૨૬.૭૪ |
| ૨૨ | ૧૧૨૫૦૧ | કલ્પસર યોજના **(માઇનોર વર્ક)** | રાજ્ય સરકાર | ૦.૦૦ | ૫૨૫૦.૦૦ | ૧૨૫૦.૦૦ | ૫૨૫૦.૦૦ | ૫૨૫૦.૦૦ | ૦.૦૦ |
| ૨૩ | ૧૧૨૫૨૭ | ઉદવહન સિંચાઇ યોજનાઓ **(નોરમલ)** | રાજ્ય સરકાર | ૧૪૬૭૪.૩૬ | ૧૩૯૩૧.૪૬ | ૧૪૮૩૦.૫૩ | ૧૦૦૨૭.૦૦ | ૯૦૦૦.૦૦ | ૧૦૨૭.૦૦ |
| ૨૪ | ૧૨૨૬૧૫ | ઉદવહન સિંચાઇ યોજનાઓ **(ટ્રાયબલ)** | રાજ્ય સરકાર | ૮૭૦૦.૦૮ | ૩૬૨૮.૦૦ | ૫૩૬૧.૭૪ | ૭૪૩૮.૫૭ | ૭૦૮૫.૫૭ | ૩૫૩.૦૦ |
| ૨૫ | ૧૧૨૫૯૧ | ગ્રાઉન્ડ વોટર રીચાર્જ વર્ક **(નોરમલ)** | રાજ્ય સરકાર | ૨૬૩૩૧.૮૪ | ૧૬૯૩૯.૨૬ | ૧૫૪૭૧.૯૨ | ૧૧૦૬૮.૩૧ | ૬૨૯૫.૪૧ | ૪૭૭૨.૯૦ |
| ૨૬ | ૧૨૨૬૩૩ | ગ્રાઉન્ડ વોટર રીચાર્જ વર્ક **(ટ્રાયબલ)** | રાજ્ય સરકાર | ૧૧૪૧૧.૮૧ | ૩૦૯૮.૬૮ | ૨૬૯૦.૩૧ | ૬૪૬૬.૧૮ | ૪૫૩૭.૬૯ | ૧૯૨૮.૪૯ |
| ૨૭ | ૧૩૨૬૧૬ | ગ્રાઉન્ડ વોટર રીચાર્જ વર્ક **(એસસીએસપી)** | રાજ્ય સરકાર | ૩૬૮૮.૮૧ | ૪૭૪૩.૮૨ | ૩૯૨૨.૧૭ | ૪૫૬૭.૫૨ | ૧૯૮૮.૫૨ | ૨૫૭૯.૦૦ |
| ૨૮ | ૧૧૨૬૨૬ | ઇઆરએમ અને પીઆઇએમ ના કામો **(નોરમલ)** | રાજ્ય સરકાર | ૫૮૫.૭૨ | ૮૬૯.૨૩ | ૫૬૭.૪૫ | ૯૦૬.૬૮ | ૬૬૧.૬૮ | ૨૪૫.૦૦ |
| ૨૯ | ૧૨૨૬૨૬ | ઇઆરએમ અને પીઆઇએમ ના કામો **(ટ્રાયબલ)** | રાજ્ય સરકાર | ૦.૦૦ | ૦.૦૦ | ૦.૦૦ | ૦.૦૦ | ૦.૦૦ | ૦.૦૦ |

| અ. નં | યોજનાનો નંબર (૬ અંકમાં) | વિકાસનું મુખ્ય સદર/પેટા સદર (યોજનાવાર) | અમલ કરનાર સંસ્થા સરકાર/ જાહેર સાહસો/ સ્થાનિક સંસ્થાઓ | વાર્ષિક યોજના ૨૦૧૩-૧૪ ખરેખર ખર્ચ | વાર્ષિક યોજના ૨૦૧૪-૧૫ | | વાર્ષિક યોજના ૨૦૧૫-૧૬ સુચિત જોગવાઇ | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| | | | | | મંજુર જોગવાઇ | સંભવિત ખર્ચ | કુલ | ચાલુ બાબતો | નવી બાબતો |
| ૦ | ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ | ૮ | ૯ |
| ૩૦ | ૩૧૨૬૭૬ | નાની સિંચાઈની પાંચમી ગણતરી **(સીએસએસ)** | રાજ્ય સરકાર | ૦.૦૦ | ૧૨૦.૦૦ | ૮૮.૯૩ | ૫૦.૦૦ | ૫૦.૦૦ | ૦.૦૦ |
| ૩૧ | ૧૧૨૬૪૮ | ટ્યુબવેલ ના કામો | રાજ્ય સરકાર | ૧.૨૫ | ૫.૦૦ | ૫.૦૦ | ૦.૦૦ | ૦.૦૦ | ૦.૦૦ |
| ૩૨ | ૧૧૨૬૭૦ | ડ્રીપ ઇરીગેશનના કામો | રાજ્ય સરકાર | ૧૦૫.૦૦ | ૨૫૦૦.૦૦ | ૨૫૦૦.૦૦ | ૩૦૦૦.૦૦ | ૩૦૦૦.૦૦ | ૦.૦૦ |
| ૩૩ | ૪૧૨૬૩૩ | નાબાર્ડ સહાયિત નાની સિંચાઇ યોજનાઓ **(નોરમલ)** | રાજ્ય સરકાર | ૨૪૫૨.૬૭ | ૯૯૦.૦૦ | ૧૪૯૧.૧૨ | ૫૩૩.૦૦ | ૩૩૩.૦૦ | ૨૦૦.૦૦ |
| ૩૪ | ૪૨૨૬૩૬ | નાબાર્ડ સહાયિત નાની સિંચાઇ યોજનાઓ **(ટ્રાયબલ)** | રાજ્ય સરકાર | ૮૦૮.૨૭ | ૧૨૯૧.૩૦ | ૨૧૦૦.૪૪ | ૩૮૪૩.૪૧ | ૧૭૦૬.૩૦ | ૨૧૩૭.૧૧ |
| ૩૫ | ૧૧૨૬૩૦ | નિર્મળ ગ્રામ યોજના | રાજ્ય સરકાર | ૨૩૮૮.૫૧ | ૨૮૧૬.૨૮ | ૨૪૬૬.૦૯ | ૩૪૫૯.૨૯ | ૧૯૫૯.૩૫ | ૧૪૯૯.૯૪ |
| ૩૬ | ૩૧૨૬૭૩ | ગ્રાઉન્ડ વોટર રીચાર્જ વર્ક **(૧૩માં નાણા પંચ સહાયિત)** | રાજ્ય સરકાર | ૬૨૫૧.૭૫ | ૭૭૦૦.૦૦ | ૭૬૯૯.૧૭ | ૫૦૦૦.૦૦ | ૫૦૦૦.૦૦ | ૦.૦૦ |
| | | **કુલ-વિભાગની નાની સિંચાઇ યોજનાઓ** | રાજ્ય સરકાર | **૯૧૨૫૪.૫૪** | **૭૯૫૧૩.૩૮** | **૭૪૮૬૬.૧૪** | **૭૯૫૬૦.૯૯** | **૫૯૮૮૯.૯૨** | **૨૭૯૮૧.૦૭** |
| ૩૭ | ૧૨૨૬૫૦ | ન્યુ ગુજરાત પેટર્ન અન્વયે આદિજાતિ પેટા યોજનાની અંકિત જોગવાઇ | રાજ્ય સરકાર | ૬૪૬૮.૧૧ | ૭૧૦૨.૫૦ | ૭૧૦૨.૫૦ | ૭૩૧૬.૦૦ | ૭૩૧૬.૦૦ | ૦.૦૦ |
| | | **કુલ સરવાળો** | | **૯૭૭૨૨.૬૫** | **૮૬૬૧૫.૮૮** | **૮૧૯૬૮.૬૪** | **૮૬૮૭૬.૯૯** | **૬૭૨૦૫.૯૨** | **૨૭૯૮૧.૦૭** |

**એનેક્ષર-૨**

**વાર્ષિક યોજના ૨૦૧૫-૧૬**

**ભૌતિક લક્ષ્યાંકો અને સિધ્ધિઓ**

| અ.નં | વિગત | એકમ | વાર્ષિક યોજના ૨૦૧૩-૧૪ ખરેખર સિધ્ધી | વાર્ષિક યોજના ૨૦૧૪-૧૫ | | વાર્ષિક યોજના ૨૦૧૫-૧૬ લક્ષ્યાંક (સુચિત) | રીમાર્કસ |
|---|---|---|---|---|---|---|---|
| | | | | લક્ષ્યાંક | સંભવિત સિધ્ધી | | |
| ૦ | ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ |
| ૧ | **નાની સિંચાઇ** | | | | | | |
| અ | **સિંચાઇ શક્તિ** | | | | | | |
| | એમએનઆર -૧ | | | | | | |
| | સપાટી જળ | હજાર હેક્ટર | ૧૧.૦૦ | ૫.૦૦ | ૫.૦૦ | ૩.૫૦ | |
| | ચેકડેમ (પરોક્ષ લાભો) | હજાર હેક્ટર | ૧૫.૦૦ | ૯.૩૦ | ૯.૦૦ | ૧૬.૫૦ | |
| | એમએનઆર-૨ (ભૂગર્ભ જળ) | હજાર હેક્ટર | ૧.૦૦ | ૩.૫૦ | ૧.૦૦ | ૦.૨૦ | |
| | કૂલ | | **૨૭.૦૦** | **૧૭.૮૦** | **૧૫.૦૦** | **૨૦.૨૦** | |
| બ | **સિંચાઇ વપરાશ** | | | | | | |
| | સપાટી જળ | હજાર હેક્ટર | ૯.૦૦ | ૫.૦૦ | ૫.૦૦ | ૩.૦૦ | |
| | ચેકડેમ અને ઉંડા કરાયેલા તળાવોનો પરોક્ષ લાભો) | હજાર હેક્ટર | પરોક્ષ લાભો | પરોક્ષ લાભો | પરોક્ષ લાભો | પરોક્ષ લાભો | |
| | એમએનઆર-૨ (ભૂગર્ભ જળ) | હજાર હેક્ટર | ૧.૦૦ | ૩.૫૦ | ૧.૦૦ | ૦.૨૦ | |
| | **કૂલ** | | **૧૦.૦૦** | **૮.૫૦** | **૬.૦૦** | **૩.૨૦** | |

**એનેક્ષર-૩**

**વાર્ષિક યોજના ૨૦૧૫-૧૬**

**બાહ્ય સહાયિત યોજનાઓ અંગેનું પત્રક**

(રૂ. લાખમાં)

| અ. | યોજનાનું નામ, પ્રકાર અને સ્થળ-પ્રોજેક્ટ કોડ અને બાહ્ય નાણાકીય મદદ કરનાર સંસ્થાનું નામ | કામની મંજૂરીની તારીખ/ શરૂ થયાની તારીખ | બાહ્ય સહાય મળવાની છેલ્લી તારીખ (અ) મૂળ (બ) સુધારેલ | અંદાજીત કિંમત (અ) મૂળ (બ) સુધારેલ (છેલ્લામાં છેલ્લી) | ફંડનું સ્વરૂપ (અ) રાજ્યનો હિસ્સો (બ) કેન્દ્રિય સહાય (ક) અન્ય સ્ત્રોતો (સંપૂર્ણ વિગત આપવી) (ડ) કુલ | વાર્ષિક યોજના ૨૦૧૩-૧૪ ખરેખર થયેલ ખર્ચ | વાર્ષિક યોજના ૨૦૧૪-૧૫ મંજૂર થયેલ જોગવાઈ | વાર્ષિક યોજના ૨૦૧૪-૧૫ સંભવિત ખર્ચ | વાર્ષિક યોજના ૨૦૧૫-૧૬ સૂચિત જોગવાઈ |
|---|---|---|---|---|---|---|---|---|---|
| | | | | | | (અ) રાજ્યનો હિસ્સો (બ) કેન્દ્રિય સહાય (ક) અન્ય સ્ત્રોતો (સંપૂર્ણ વિગતો આપવી) (ડ) કુલ | (અ) રાજ્યનો હિસ્સો (બ) કેન્દ્રિય સહાય (ક) અન્ય સ્ત્રોતો (સંપૂર્ણ વિગતો આપવી) (ડ) કુલ | (અ) રાજ્યનો હિસ્સો (બ) કેન્દ્રિય સહાય (ક) અન્ય સ્ત્રોતો (સંપૂર્ણ વિગતો આપવી) (ડ) કુલ | (અ) રાજ્યનો હિસ્સો (બ) કેન્દ્રિય સહાય (ક) અન્ય સ્ત્રોતો (સંપૂર્ણ વિગતો આપવી) (ડ) કુલ |
| ૦ | ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ | ૮ | ૯ |
| | **નાની સિંચાઇ** | --------------------- **NIL** ---------------------------------- | | | | | | | |

**એનેક્ષર-૪**

**વાર્ષિક યોજના ૨૦૧૫-૧૬ કેન્દ્રિય પુરસ્કૃત યોજનાઓ**

**(રૂ. લાખમાં)**

| અ.નં. | યોજનાનું નામ | સહાયનું સ્વરૂપ | | વાર્ષિક યોજના ૨૦૧૩-૧૪ | | | | વાર્ષિક યોજના ૨૦૧૪-૧૫ | | | | વાર્ષિક યોજના ૨૦૧૫-૧૬ સુચિત | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | | કેન્દ્રિય હિસ્સો | રાજ્ય હિસ્સો | છૂટો કરેલ હિસ્સો | | | કુલ ખરેખર થયેલ ખર્ચ | છૂટો કરેલ હિસ્સો | | | કુલ સંભવિત ખર્ચ | કેન્દ્રિય હિસ્સો | રાજ્ય હિસ્સો | કુલ |
| | | | | કેન્દ્રિય હિસ્સો | રાજ્ય હિસ્સો | કુલ | | કેન્દ્રિય હિસ્સો | રાજ્ય હિસ્સો | કુલ | | | | |
| ૦ | ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ | ૮ | ૯ | ૧૦ | ૧૧ | ૧૨ | ૧૩ | ૧૪ |
| ૧ | હયાત વોટર બોડીઝના મરામત જિર્ણોધ્ધાર અને પુનઃ સ્થાપન ૨-એઆઈબીપી હેઠળ) | ૨૫ ટકા | ૭૫ ટકા | ૦.૦૦ | ૦.૦૦ | ૦.૦૦ | ૦.૦૦ | સી.એસ.એસ. માં સમાવિષ્ટ નથી | | | | હાલ સી.એસ.એસ. માં સમાવિષ્ટ નથી | | |
| ૨ | ભૂગર્ભજળ રીચાર્જ કામો (૧૩મા નાણા પંચ સહાયિત કામો) | ૧૦૦ ટકા | ૦ ટકા | ૬૫૧૨.૦૦ | ૦.૦૦ | ૬૫૧૨.૦૦ | ૬૫૧૨.૧૮ | ૭૭૦૦.૦૦ | ૦.૦૦ | ૭૭૦૦.૦૦ | ૭૭૦૦.૦૦ | ૫૦૦૦.૦૦ | ૦.૦૦ | ૦.૦૦ |
| ૪ | નાની સિંચાઈની પાંચમી ગણતરી (૩૧૨૬૭૬) | ૧૦૦ ટકા | ૦ ટકા | ૨૦.૦૦ | ૦.૦૦ | ૨૦.૦૦ | ૨૦.૦૦ | ૧૨૦.૦૦ | ૦.૦૦ | ૧૨૦.૦૦ | ૨૦.૦૦ | ૫૦.૦૦ | ૦.૦૦ | ૫૦.૦૦ |
| | કુલ | | | **૬૫૩૨.૦૦** | **૦.૦૦** | **૬૫૩૨.૦૦** | **૬૫૩૨.૧૮** | **૭૮૨૦.૦૦** | **૦.૦૦** | **૭૮૨૦.૦૦** | **૭૭૨૦.૦૦** | **૫૦૫૦.૦૦** | **૦.૦૦** | **૫૦.૦૦** |

## એનેક્ષર-૫ - એ

## આદિજાતિ પેટા યોજના (ટીએસપી)

## વાર્ષિક યોજના - ૨૦૧૫-૧૬ - નાણાકીય જોગવાઈ : આદિજાતિ પેટા યોજના માટેની દરખાસ્તો

**(રૂ. લાખમાં)**

| અ.નં. | મુખ્ય સદર/પેટા સદર/યોજનાઓ | વાર્ષિ યોજના ૨૦૧૩-૧૪ ટીએસપી હેઠળ થયેલ ખરેખર ખર્ચ | વાર્ષિક યોજના ૨૦૧૪-૧૫ | | | | વાર્ષિક યોજના ૨૦૧૫-૧૬ (સુચિત) | |
|---|---|---|---|---|---|---|---|---|
| | | | મંજુર થયેલ જોગવાઇ | | સંભવિત ખર્ચ | | | |
| | | | કુલ જોગવાઇ | તે પૈકીની ટીએસપી ની જોગવાઇ | કુલ ખર્ચ | તે પૈકીનો ટીએસપી નો ખર્ચ | કુલ જોગવાઇ | તે પૈકીની ટીએસપી ની જોગવાઇ |
| ૦ | ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ | ૮ |
| | **નાની સિંચાઇ** | | | | | | | |
| ૨૧ | નાની સિંચાઇ યોજનાઓ **(ટ્રાયબલ)** | ૨૮૨૫.૧૯ | ૧૫૬૩૦.૩૫ | ૨૮૨૪.૮૦ | ૧૪૪૨૧.૨૭ | ૩૦૩૪.૧૯ | ૧૭૯૫૧.૦૩ | ૩૨૫૨.૯૩ |
| ૨૪ | ઉદવહન સિંચાઇ યોજનાઓ **(ટ્રાયબલ)** | ૮૭૦૦.૦૮ | ૧૭૫૫૯.૪૬ | ૩૬૨૮.૦૦ | ૨૦૧૯૨.૨૭ | ૫૩૬૧.૭૪ | ૧૭૪૬૫.૫૭ | ૭૪૩૮.૫૭ |
| ૨૬ | Ground Water Recharge Works | ૧૧૪૧૧.૮૧ | ૨૪૭૮૧.૭૬ | ૩૦૯૮.૬૮ | ૨૨૦૮૪.૪૦ | ૨૬૯૦.૩૧ | ૨૭૧૦૨.૦૧ | ૬૪૬૬.૧૮ |
| ૩૪ | Minor Irrigation Works **(Nabard)** | ૮૦૮.૨૭ | ૨૨૮૧.૩૦ | ૧૨૯૧.૩૦ | ૩૫૯૧.૫૬ | ૨૧૦૦.૪૪ | ૪૩૭૬.૪૧ | ૩૮૪૩.૪૧ |
| ૩૭ | Earmarked Provision For TASP As Per New Gujarat Pattern | ૬૪૬૮.૧૧ | ૭૧૦૨.૫૦ | ૭૧૦૨.૫૦ | ૭૧૦૨.૫૦ | ૭૧૦૨.૫૦ | ૭૩૧૬.૦૦ | ૭૩૧૬.૦૦ |
| | **Grand Total** | **૩૦૨૧૩.૪૬** | **૬૭૩૫૫.૩૭** | **૧૭૯૪૫.૨૮** | **૬૭૩૯૨.૦૦** | **૨૦૨૮૯.૧૮** | **૭૪૨૧૧.૦૨** | **૨૮૩૧૭.૦૯** |

## એનેક્ષર-૫ - બી

## આદિજાતિ પેટા યોજના (ટીએસપી)

### વાર્ષિક યોજના - ૨૦૧૫-૧૬ - ભૌતિક લક્ષ્યાંકો અને સિધ્ધિઓ : આદિજાતિ પેટા યોજના માટેની દરખાસ્તો

| અ.નં. | મુખ્ય સદર/પેટા સદર/યોજનાઓ | એકમ | વાર્ષિક યોજના ૨૦૧૩-૧૪ ખરેખર સિધ્ધી | વાર્ષિક યોજના ૨૦૧૪-૧૫ | | વાર્ષિક યોજના ૨૦૧૫-૧૬ લક્ષ્યાંક (સુચિત) |
|---|---|---|---|---|---|---|
| | | | | લક્ષ્યાંક | સંભવિત સિધ્ધી | |
| ૦ | ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ |
| ૧ | **નાની સિંચાઇ** | | | | | |
| અ | **સિંચાઇ શક્તિ** | | | | | |
| | એમએનઆર -૧ | | ૪.૦૦ | ૦.૦૦ | ૦.૦૦ | ૧.૩૦ |
| | સપાટી જળ | હજાર હેક્ટર | ૩.૦૦ | ૧.૩૦ | ૧.૩૦ | ૯.૭૦ |
| | ચેકડેમ (પરોક્ષ લાભો) | હજાર હેક્ટર | ૧.૦૦ | ૧.૦૦ | ૧.૦૦ | ૦.૦૦ |
| | એમએનઆર-૨ (ભૂગર્ભ જળ) કૂલ | હજાર હેક્ટર | **૮.૦૦** | **૨.૩૦** | **૨.૩૦** | **૧૧.૦૦** |
| | કૂલ | | | | | |
| બ | **સિંચાઇ વપરાશ** | | ૩.૦૦ | ૦.૦૦ | ૦.૦૦ | ૧.૩૦ |
| | સપાટી જળ | હજાર હેક્ટર | પરોક્ષ લાભો | પરોક્ષ લાભો | પરોક્ષ લાભો | પરોક્ષ લાભો |
| | ચેકડેમ અને ઉંડા કરાયેલા તળાવોનો પરોક્ષ લાભો) | હજાર હેક્ટર | ૧.૦૦ | ૧.૦૦ | ૧.૦૦ | ૦.૦૦ |
| | એમએનઆર-૨ (ભૂગર્ભ જળ) કૂલ | હજાર હેક્ટર | **૪.૦૦** | **૧.૦૦** | **૧.૦૦** | **૧.૩૦** |

## એનેક્ષર-૬ - એ

## અનુસૂચિત જાતિ પેટા યોજના (અ.જા.પે.યો.)

## વાર્ષિક યોજના - ૨૦૧૫-૧૬ - નાણાકીય જોગવાઈ : અનુસૂચિત જાતિ પેટા યોજના માટેની દરખાસ્તો

(રૂ. લાખમાં)

| અ. નં | મુખ્ય સદર/પેટા સદર/યોજનાઓ | વાર્ષિ યોજના ૨૦૧૩-૧૪ એસસીએસપી હેઠળ થયેલ ખરેખર ખર્ચ | વાર્ષિક યોજના ૨૦૧૪-૧૫ | | | | વાર્ષિ યોજના ૨૦૧૫-૧૬ (સુચિત) | |
|---|---|---|---|---|---|---|---|---|
| | | | મંજુર થયેલ જોગવાઇ | | સંભવિત ખર્ચ | | | |
| | | | કુલ જોગવાઇ | તે પૈકીની એસસીએસપી ની જોગવાઇ | કુલ ખર્ચ | તે પૈકીનો એસસીએસપી નો ખર્ચ | કુલ જોગવાઇ | તે પૈકીની એસસીએસપી ની જોગવાઇ |
| ૦ | ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ | ૮ |
| ૨૭ | ગ્રાઉન્ડ વોટર રીચાર્જ વર્ક | ૩૬૮૮.૮૧ | ૨૪૭૮૧.૭૬ | ૪૭૪૩.૮૨ | ૨૨૦૮૪.૪૦ | ૩૯૨૨.૧૭ | ૨૭૧૦૨.૦૧ | ૪૫૬૭.૫૨ |

# એનેક્ષર-૬ - બી

## અનુસૂચિત જાતિ પેટા યોજના (અ.જા.પે.યો.)

### વાર્ષિક યોજના - ૨૦૧૫-૧૬ - ભૌતિક લક્ષ્યાંકો અને સિધ્ધિઓ : અનુસૂચિત જાતિ પેટા યોજના માટેની દરખાસ્તો

| અ.નં. | મુખ્ય સદર/પેટા સદર/યોજનાઓ | એકમ | વાર્ષિક યોજના ૨૦૧૩-૧૪ ખરેખર સિધ્ધી | વાર્ષિક યોજના ૨૦૧૪-૧૫ | | વાર્ષિક યોજના ૨૦૧૫-૧૬ લક્ષ્યાંક (સુચિત) |
|---|---|---|---|---|---|---|
| | | | | લક્ષ્યાંક | સંભવિત સિધ્ધી | |
| ૦ | ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ |
| | **નાની સિંચાઇ** | | | | | |
| | સિંચાઇ શક્તિ | હજાર હેક્ટર | ૩ (પરોક્ષ લાભો) | ૨.૪ (પરોક્ષ લાભો) | ૨.૪ (પરોક્ષ લાભો) | ૨.૫ (પરોક્ષ લાભો) |

## એનેક્ષર-૭

## વાર્ષિક યોજના ૨૦૧૫-૧૬ સૂચિત જોગવાઇ

## સ્વૈચ્છિક ક્ષેત્ર માટેની નાણાકીય જોગવાઇ/ખર્ચ

(રૂ.લાખમાં)

| અ. નં | યોજનાઓ | વાર્ષિક યોજના ૨૦૧૩-૧૪ ખરેખર ખર્ચ | વાર્ષિક યોજના ૨૦૧૪-૧૫ | | વાર્ષિક યોજના ૨૦૧૫-૧૬ (સૂચિત જોગવાઇ) |
|---|---|---|---|---|---|
| | | | મંજૂર થયેલ જોગવાઇ | સંભવિત ખર્ચ | |
| ૦ | ૧ | ૨ | ૩ | ૪ | ૫ |
| | નાની સિંચાઇ | - | - | - | - |

**એનેક્ષર-૮ - એ**

**રાજ્ય આયોજન કાર્યક્રમોમાં મહિલા ઘટક (વુમન કમ્પોનન્ટ)**

**વાર્ષિક યોજના - ૨૦૧૫-૧૬ - નાણાકીય જોગવાઈ : મહિલા ઘટક માટેની દરખાસ્તો**

(રૂ. લાખમાં)

| અ.નં | મુખ્યસદર/પેટા સદર | યોજનાઓ * | વાર્ષિક યોજના ૨૦૧૩-૧૪ ખરેખર સિધ્ધિ | વાર્ષિક યોજના ૨૦૧૪-૧૫ મંજૂર થયેલ જોગવાઇ કુલ જોગવાઇ | વાર્ષિક યોજના ૨૦૧૪-૧૫ મંજૂર થયેલ જોગવાઇ તે પૈકી મહિલા ઘટક માટેની જોગવાઇ | વાર્ષિક યોજના ૨૦૧૪-૧૫ સંભવિત ખર્ચ કુલ ખર્ચ | વાર્ષિક યોજના ૨૦૧૪-૧૫ સંભવિત ખર્ચ તે પૈકી મહિલા ઘટક માટેનો ખર્ચ | વાર્ષિક યોજના ૨૦૧૫-૧૬ (સૂચિત) કુલ જોગવાઇ | વાર્ષિક યોજના ૨૦૧૫-૧૬ (સૂચિત) તે પૈકી મહિલા ઘટક માટેની જોગવાઇ |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૦ | ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ | ૮ | ૯ |
| | નાની સિંચાઇ | નોશનલ ફ્લો | ૪૩૫૦૮.૦૯ | ૮૬૬૧૫.૮૮ | ૩૭૭૭૯.૧૯ | ૮૧૯૬૮.૬૪ | ૩૫૫૮૦.૭૯ | ૮૬૮૭૬.૯૯ | ૩૭૫૦૯.૭૭ |

નોંધ: ૨૦૧૧ની કામચલાઉ વસ્તી ગણતરીના આધારે મહિલા ધોરણનો નોશનલ ઘટક કુલ કેપીટલ કામોનો ૪૭.૮૬ ટકા લેવામાં આવેલ છે.

## એનેક્ષર-૮ - બી

## રાજ્ય આયોજન કાર્યક્રમોમાં મહિલા ઘટક (વુમન કમ્પોનન્ટ)

## વાર્ષિક યોજના - ૨૦૧૫-૧૬ - ભૌતિક લક્ષ્યાંક અને સિધ્ધિઓ : મહિલા ઘટક માટેની દરખાસ્તો

| અ.નં. | મુખ્ય સદર/પેટા સદર/યોજનાઓ | એકમ | વાર્ષિક યોજના ૨૦૧૩-૧૪ | વાર્ષિક યોજના ૨૦૧૪-૧૫ | | વાર્ષિક યોજના ૨૦૧૫-૧૬ |
|---|---|---|---|---|---|---|
| | | | ખરેખર સિધ્ધિ | લક્ષ્યાંક | સંભવિત સિધ્ધિ | લક્ષ્યાંક (સૂચિત) |
| ૦ | ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ |
| ૧ | સિંચાઇશક્તિ | હજાર હેકટર | ૧૨.૯૨ | ૮.૫૨ | ૭.૧૮ | ૯.૬૭ |

નોંધ: સને ૨૦૧૧ની કામચલાઉ વસ્તી ગણતરીને આધારે મહિલા ધોરણ માટેનો ઘટક કુલ કેપીટલ વર્કસના ૪૭.૮૬ ટકા લેવામાં આવેલ છે.